જ્ઞાનસાર: પૂર્ણતા અષ્ટક - ૧

ઐન્દ્રશ્રીસુખમગ્નેન લીલાલગ્નમિવાખિલમ્
સચ્ચિદાનંદપૂર્ણેન પૂર્ણં જગદવેક્ષ્યતે (૧-૧)

શબ્દાર્થ: ઐન્દ્રશ્રીસુખમગ્નેન = ઈંદ્ર સંબંધી લક્ષ્મીના સુખમાં મગ્ન થયેલા પુરૂષ વડે, અખિલમ્ = સમસ્ત જગત
લીલામગ્નમ્ = સુખમાં મગ્ન થયેલું, અવેક્ષ્યતે = દેખાય છે.

શ્લોકાર્થ: જેમ ઇન્દ્ર સંબંધી લક્ષ્મીના સુખમાં મગ્ન એવા પુરૂષ વડે (એટલે કે સંસારના સુખે સુખી એવા પુરૂષ વડે) જેમ સમસ્ત જગત સુખમાં મગ્ન થયેલું દેખાય છે. તેમ સત્-ચિત્-આનંદથી પૂર્ણ એવા યોગી પુરૂષ વડે સમસ્ત એવું આ જગત (જ્ઞાનાદિ અનંત ગુણો વડે) પૂર્ણ દેખાય છે.

ભાવાર્થ: કોઈપણ પ્રવૃત્તિમાં લક્ષ્ય (સાધ્ય) પહેલા નક્કી કરવું પડે. પછી તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાથી સાધ્યની સિદ્ધિ થાય છે. માટે પૂર્ણતા પ્રાપ્ત કરવા માટે પૂર્ણતા-અષ્ટક પહેલું કહ્યું. જે પૂર્ણ છે તેની જ્ઞાનદૃષ્ટિ અદ્ભુત છે. આત્મા સિવાયના પર પદાર્થો મળે અથવા મળ્યા હોય અને ચાલી જાય તો તેના આત્માના આનંદમાં ઓટ આવતી નથી. આત્માનો અનુભવ કરે તેને જ ખ્યાલ આવે.

ઇન્દ્ર સંબંધી લક્ષ્મી એટલે ગુણ લક્ષ્મી. આવા ગુણ લક્ષ્મીમાં મગ્ન બનેલા ઇન્દ્ર મહારાજા બધાને સુખી જ જુએ છે. ઇન્દ્ર મહારાજા પોતે સુખી છે એટલે બધાને સુખી જુએ છે. તે સુખ ભૌતિક સુખ નથી પણ ગુણરૂપી સુખ છે, મતલબ કે ઇન્દ્ર સમ્યગ્દૃષ્ટિ છે_

સિદ્ધના જીવો આપણાને પૂર્ણ રૂપે જુએ છે. આપણે અપૂર્ણ છીએ માટે આપણે બધામાં અપૂર્ણતાના દોષો જોઈએ.

## પૂર્ણતા અષ્ટક — શ્લોક ૨ (ચાલુ)

આપણામાં દોષો છે માટે આપણને બીજાની નિંદા કરવાનું મન થાય. જો સમગ્ર જીવ સૃષ્ટિમાં રાગ-દ્વેષનો અંત લાવવો હોય તો જીવ સૃષ્ટિમાં પૂર્ણતાનું દર્શન કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. આપણે પૂર્ણ નથી એટલે પૂર્ણતાનું દર્શન નહિ કરી શકીએ પરંતુ પૂર્ણતાના અંશનું દર્શન કરી શકીએ અને એ દિશામાં પૂર્ણ થવાનો પુરુષાર્થ કરી શકીએ. એટલે દરેક આત્મામાં થોડે ને થોડે ગુણોનું દર્શન આપણે કરવું જોઈએ. જીવમાં અનંત ગુણો છે. આપણી દૃષ્ટિ જેમ જેમ સૂક્ષ્મ બનશે તેમ તેમ ગુણો દેખાવા માંડશે માટે ગુણદૃષ્ટિ વિકસાવવી જોઈએ.

: જ્ઞાનસાર : પૂર્ણતા અષ્ટક

પૂર્ણતા યા પરોપાધેઃ સા યાચિતકમંડનમ્
યા તુ સ્વાભાવિકી સૈવ, જાત્યરત્નવિભાનિભા [૧-૨]

શબ્દાર્થ: યા = જે, પરોપાધેઃ = પર વસ્તુના નિમિત્તથી
સા = તે, યાચિતકમંડનમ્ = માંગી લાવેલા ઘરેણાં સમાન
તુ = પરંતુ, સ્વાભાવિકી = સ્વાભાવિક

શ્લોકાર્થ: જે પર વસ્તુના નિમિત્તથી પૂર્ણતા છે, તો (લગ્ન જેવા પ્રસંગો) માંગી લાવેલા ઘરેણાં જેવી છે, પરંતુ જે સ્વાભાવિક (જ્ઞાન, દર્શન, ચારિત્રની સ્વભાવ સિદ્ધ) પૂર્ણતા છે તે ઉત્તમ રત્ન ની કાંતિ સમાન છે. (જાત્યરત્ન વિભાનિભા)

ભાવાર્થ: આ શ્લોકમાં બે વાત ઉપર ભાર છે.
(૧) પર વસ્તુના નિમિત્તથી જે પૂર્ણતા છે તે માંગી લાવેલા ઘરેણાં સમાન છે. (૨) સ્વાભાવિક પૂર્ણતા ઉત્તમ રત્નની કાંતિ જેવી.
પહેલી વાતમાં સત્ય છે, બીજી વાતમાં સત્ છે.
સત્ય સાપેક્ષ છે. આજે સાચું હોય અને કાલે ખોટું પણ હોઈ શકે. એક જ સત્ય વાત એકને માટે સાચી હોય પણ બીજા માટે ખોટી પણ હોઈ શકે.
સત્ નિરપેક્ષ છે. શાશ્વત છે. દરેક કાળે એક સરખું જ હોય.
પરના નિમિત્તથી પૂર્ણતા એટલે આપણા જીવનમાં જે કંઈ બન્યું તેને આપણે પૂર્ણ માન્યું. લાડી-વાડી-ગાડી આ બધું પરના નિમિત્તથી મળ્યું છે.
હીરાકે એમાં પૂર્ણતા લાગે તો પણ કાયમની છે એમ નહીં શકાય નાશ. જે વસ્તુ બની શકે:
— પુણ્યના ઉદયથી જે મળ્યું તે કર્મસત્તાએ આપ્યું છે પરંતુ કર્મસત્તા ત્યારે પાછું લઈ લે તો ન કહેવાય
— એવું પણ બને કે આપણે ભોગવવા ન રહીએ.

કર્મ સત્તાએ પાંચ ઈન્દ્રિયો પરિપૂર્ણ આપી ને પણ અમુક વર્ષો (...50, 60, 100) સુધી વાપરવા આપી.
હવે જો તેનો સદુપયોગ ન હોય તો બીજા ભવમાં પાંચમાંથી કોઈ, બે, ત્રણ કરતાં ચાર ઈન્દ્રિયો છીનવી પણ લે. કારણ આપેલી વસ્તુનો દુરુપયોગ કરો તો કોણ ચલાવી લે ?
આમ જુઓ તો આપણી ownership નું છે શું ? શરીર, સગાં, સંપત્તિ બધું ભાડાનું છે. જે કંઈ આપણને મળ્યું છે તે લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી મળ્યું છે. જ્યારે લાભાંતરાય કર્મનો ઉદય થશે ત્યારે બધું ચાલ્યું જશે.

---

## પૂર્ણતા અષ્ટક

અવાસ્તવી વિકલ્પૈઃ સ્યાત્ પૂર્ણતાબ્ધેરિવોર્મિભિઃ | 1-3
પૂર્ણાનન્દસ્તુ ભગવાન્ સ્તિમિતોદધિસન્નિભઃ

શબ્દાર્થ: ઊર્મિભિઃ = તરંગો વડે અબ્ધેઃ = સમુદ્રના ઇવ = જેવી
વિકલ્પૈઃ = વિકલ્પો (કલ્પનાઓ) વડે, અવાસ્તવી = કલ્પિત
સ્યાત્ = હોય પૂર્ણાનન્દ = પૂર્ણ આનંદવાળો
સ્તિમિતોદધિસન્નિભઃ = સ્થિર સમુદ્રના જેવો

શ્લોકાર્થ: તરંગો વડે સમુદ્રની પૂર્ણતા જેવી, વિકલ્પો વડે (આત્માની) અવાસ્તવિક પૂર્ણતા હોય છે. જ્યારે પૂર્ણાનન્દસ્વરૂપ ભગવાન સ્થિર સમુદ્ર જેવા હોય છે.

ભાવાર્થ: આપણે ~~આપણા~~ કોઈ સંકલ્પ કરીએ એટલે તેની પાછળ અનેક વિકલ્પો ઊભા થાય. સમુદ્રમાં જેમ તરંગો ઉઠે અને શાંત તેમ આપણા મન રૂપી સમુદ્રમાં વિચારો રૂપી તરંગો ઉઠે અને શમી જાય. વિચારો કરવા જ હોય તો કયા વિચારો કરવા? મારે જલ્દી મોક્ષે પહોંચવું છે એ સંકલ્પ કરવો. આ સંકલ્પથી જેટલા વિચારો ઊભા થાય તે બધા વિચારો પુણ્ય બંધાવે અથવા કર્મ નિર્જરા કરાવે. સંસારમાં જે વિચારો ઊભા થાય તે બધા કર્મ બંધ કરાવે.

સમુદ્રમાં તરંગો (મોજાઓ) ઉછળે ત્યારે આપણને સમુદ્રના સાચા સ્વરૂપનું દર્શન થતું નથી. ઉછળતા મોજાઓ એ સમુદ્રમાં ઉત્પન્ન થતી વિકૃતિ છે. ભગવાન એ સ્થિર સમુદ્ર જેવા છે. સિધ્ધ પરમાત્મા મુક્ત છે એટલે તેમને કોઈ ચિંતા નથી, કારણકે જે સ્વરૂપ પામવા જેવું છે તે તેમણે મુક્તિરૂપે પ્રગટ કરી દીધું છે. એટલે ચિંતાઓ માટે કોઈ અવકાશ નથી.

એકવાર સાચી સમજણ આવે પછી સુખ આવે કે દુઃખ આવે તે સમાધાન જ કરે. સમજણ સમાધાનના માર્ગે લઈ જાય. સમજણ એટલે શું ?

સમ + જણ = જાણવાનું શાંત (સમ) કરી દો.

કારણ પદાર્થને જાણીએ અને મનમાં ચિંતાઓ થાય તો ચિંતાઓ જન્યા (પેદા થયાં) કહેવાય. તેને શાંત કરી દો.

પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી બાહ્યપદાર્થોથી જે મુક્તિના દેખાય છે તે રાગ-દ્વેષ કરાવનારી, ઝઘડા-કલહ કરાવનારી અને અંતે પુણ્યોદય સમાપ્ત થાય તેથી દેખાતી મુક્તિ નાશવંત છે, માટે અવાસ્તવિક છે. શુદ્ધાત્મામાં કોઈ તરંગો નથી. શાંત સમુદ્રની જેમ ચિંતાઓ રહિત છે.

જાગર્તિ જ્ઞાનદૃષ્ટિશ્ચેત્ તૃષ્ણાકૃષ્ણાહિજાંગુલી
પૂર્ણાનન્દસ્ય તત્ કિં સ્યાત્ દૈન્યવૃશ્ચિકવેદના? [૧-૪]

**શબ્દાર્થ:** ચેત = જો, તૃષ્ણા કૃષ્ણા હિજાંગુલી = તૃષ્ણારૂપ કાળા સર્પના ઝેરને નાશ કરવામાં જાંગુલી - ગારૂડી મંત્ર સમાન
જાગર્તિ = જાગે છે, તત્ = તો, પૂર્ણાનન્દસ્ય = પૂર્ણ આનંદવાળા જીવને
દૈન્ય વૃશ્ચિક વેદના = દીનતારૂપી વીંછીની વેદના, કિમ્ સ્યાત = કેમ હોય

**શ્લોકાર્થ:** જો તૃષ્ણારૂપી કાળા સર્પના ઝેરને નાશ કરવામાં "ગારૂડી મંત્ર સમાન" એવી જ્ઞાનદશા જાગે છે તો પૂર્ણાનન્દમય જીવને દીનતારૂપી વીંછીની વેદના કેમ હોય?

**ભાવાર્થ:**
તૃષ્ણા એટલે પર પદાર્થોની પ્રીતિ / પાંચેય ઇન્દ્રિયોના વિષયો ભોગવવાની (ઇચ્છા)
દીનતા એટલે પર પદાર્થોની યાચના કરવી અથવા અપેક્ષા રાખવી
જે જીવ પૂર્ણ છે (દર્શન - જ્ઞાન - ચારિત્રના ગુણોથી) તેની પર પદાર્થો તરફ દૃષ્ટિ જતી જ નથી.
મારું સ્વરૂપ ગુણો જ છે. પુદ્ગલના ગુણો એ મારું સ્વરૂપ નથી. તૃષ્ણા હોય તો દીનતા આવે.
અપેક્ષા જેવું દુઃખ બીજું નથી. સ્પૃહા જાગે અને ન મળે ત્યાં સુધી મનમાં આવેગો (ઉદ્વેગ) રહ્યા કરે.
છ ખંડનું સામ્રાજ્ય હોવા છતાં ચક્રવર્તી દુઃખી છે.
મહાત્મા પાસે કંઈ પણ ન હોવા છતાં સુખી છે, કારણ કે કંઈ સ્પૃહા નથી, અપેક્ષા નથી.
જો જ્ઞાનદૃષ્ટિ જાગૃત હશે તો કાળા સર્પ આપણને કંઈ કરી શકે તેમ નથી. જો જ્ઞાન દૃષ્ટિ જાગૃત નથી તો તૃષ્ણારૂપ સર્પ ડંખ્યા કરશે અને દીનતા રૂપ વીંછી ડંખ આપશે.

## પૂર્ણતા અષ્ટક

પૂર્યન્તે યેન કૃપણાસ્તદુપેક્ષૈવ પૂર્ણતા
પૂર્ણાનન્દસુધાસ્નિગ્ધા દૃષ્ટિરેષા મનીષિણામ્ ॥ ૧-૪ ॥

**શબ્દાર્થ:** પૂર્યન્તે = પૂરાય છે, યેન = જેનાથી, પરિગ્રહ વડે
કૃપણા = લોભી તદ્ ઉપેક્ષૈવ = તેની ઉપેક્ષા
પૂર્ણતા = આત્મ ગુણોની પૂર્ણતા, દૃષ્ટિરેષા = તત્ત્વજ્ઞાનરૂપ દૃષ્ટિ
પૂર્ણાનન્દસુધાસ્નિગ્ધા = પૂર્ણાનન્દરૂપ અમૃતથી આર્દ્ર થયેલી
મનીષિણામ્ = તત્ત્વજ્ઞાનીની (મહાત્મા પુરુષોની)

**વિશેષાર્થ:** પરદ્રવ્યના સંયોગ વડે જે લોભી જનો પોતાને પૂર્ણ માને છે તેની ઉપેક્ષા કરવી તે જ સાચી પૂર્ણતા છે. કારણ કે પરદ્રવ્યના સંયોગાત્મક જે પૂર્ણતા છે એ સાચી પૂર્ણતા નથી. આવા પ્રકારની આત્માના ગુણોના ઉપભોગથી પૂર્ણ આનંદરૂપી સિંચાયેલી દૃષ્ટિ મહાત્મા પુરુષોની હોય છે.

**ભાવાર્થ:** ભોગી જનો પરપદાર્થના ઉપભોગમાં જ પર પદાર્થની પૂર્ણતાથી પોતાની જાતને ધન્ય રહે છે. પૂર્ણતા પર પદાર્થના સંયોગવાળી માને છે. તે પૂર્ણતા તેને મેળવવામાં, સાચવવામાં હોવાથી ઉપાધિવાળી છે. અને તેનો વિયોગ થાય ત્યારે દુઃખ જ આપનારી છે. તે સ્વીકારવા યોગ્ય નથી તેથી તેની ઉપેક્ષા કરવી. લોભી કૃપણને જેટલું આવ્યું તેટલું ઓછું જ લાગે અને આસક્તિ (મમ્મણશેઠ). કાદવ-કીચડથી ખરડાયેલો ખાલી તુંબ, ધાર્મિક અનુષ્ઠાનોમાં ન મુકાય.

પૂર્ણતા અષ્ટક :

અપૂર્ણઃ પૂર્ણતામેતિ, પૂર્યમાણસ્તુ હીયતે । 4-5
પૂર્ણાનન્દસ્વભાવોઽયં જગદદ્ભુતદાયકઃ ॥

શબ્દાર્થ: અપૂર્ણ = (પૌદ્ગલિક પદાર્થો વડે) અપૂર્ણ
પૂર્ણતામેતિ = (જ્ઞાનાદિની) પૂર્ણતા પામે છે
પુર્યમાણસ્તુ = (ધન-ધાન્યના સંયોગથી) પૂર્ણ થતો
હીયતે = હાનિ પામે છે, પૂર્ણાનન્દસ્વભાવોઽયં = આનંદથી
પરિપૂર્ણ આત્માનો સ્વભાવ,
જગદદ્ભુતદાયકઃ = જગતને આશ્ચર્ય કરનાર છે!

શ્લોકાર્થ: પૌદ્ગલિક ભાવો વડે જે અપૂર્ણ હોય છે
તે જ આત્માના ગુણોની પૂર્ણતાને પામે છે, અને
પૌદ્ગલિક ભાવો વડે પૂર્ણ થતો આત્મા આત્મિક ગુણો
વડે હાનિ પામે છે. પૂર્ણાનંદનો આ સ્વભાવ જગતને
આશ્ચર્ય પમાડનારો છે.

ભાવાર્થ: બાહ્યથી ધન, સંપત્તિથી પૂર્ણ થયેલો અને
અંદરથી આત્માના ગુણો પામી પૂર્ણ થવું એ સાથે
કદી ન બને, સામાન્યથી વ્યવહાર ને ભરવું હોય તો
નાંખ્યા ત્યારે આ શ્લોક કરેલ છે કે ગુણોથી
ભરાવું હોય તો બહારથી (ભૌતિક+જગતથી) ખાલી થતા શીખો.
ભેગું કરવાનો વિચાર આર્તધ્યાન કરાવે અને
ભેગા કરેલાને સાચવવાનો વિચાર રૌદ્રધ્યાન કરાવે
મારી પાસે આટલું છે, તેટલું છે એવી પૂર્ણતા કરતાં
જેણે ભૌતિક પદાર્થોનો ત્યાગ કર્યો છે તે વધુ સુખી છે.
જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી દીક્ષા લઈને સંયમ જીવન
જીવનારા જૈન સાધુ પૂર્ણતા તરફ આગળ વધી રહ્યા છે.
આત્માના ગુણોનો આનંદ મેળવવા, બાહ્ય જગતના ઉપાધિવાળા
સુખનો છોડવું પડશે.

પરસ્વત્વકૃતોન્માથા ભૂનાથા ન્યૂનતેક્ષિણઃ
સ્વસ્વત્વસુખપૂર્ણસ્ય ન્યૂનતા ન હરેરપિ (૧-૭)

શબ્દાર્થ: પરસ્વત્વકૃતોન્માથા = પરદ્રવ્યમાં આત્મપણાની બુદ્ધિથી ઉન્માદવાળા, ભૂનાથા = રાજાઓ, ન્યૂનતેક્ષિણઃ = પોતાનામાં ન્યૂનતા જોનારા, સ્વસ્વત્વસુખપૂર્ણસ્ય = આત્માના સુખથી પૂર્ણ થયેલાને, ન્યૂનતા ન = ઓછાપણું નથી, હરેરપિ = ઇન્દ્ર કરતા પણ

શ્લોકાર્થ = પરદ્રવ્યમાં પોતાનાપણું માનવાથી ઉન્માદવાળા બનેલા રાજાઓ પણ સદા પોતાનામાં ન્યૂનતા જ જોનારા હોય છે. જ્યારે પોતાના આત્મગુણોમાં જ પોતાનાપણું માનવાથી અનંત સુખથી પૂર્ણ એવા મુનિને પોતાનામાં ઇન્દ્રથી પણ ન્યૂનતા જણાતી નથી.

ભાવાર્થ: આત્મા સિવાય પોતાના સગા, ~~સ્નેહી~~, કુટુંબીજનો, અને પુદ્ગલ દ્રવ્યો એ પરદ્રવ્ય કહેવાય છે. આ ભવ પૂર્વે બંધાયેલા મોહનીય કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા પર દ્રવ્યો સાથે રાગ-દ્વેષ કરે છે. પરિણામે આત્માની સ્વભાવ દશા, વિભાવ દશામાં પલટાય છે. પરદ્રવ્યમાં મારાપણાની બુદ્ધિ હોય છે. તેને પરસ્વત્વ કહે છે. પર દ્રવ્યોની પ્રાપ્તિથી અભિમાની બનેલા રાજાઓ, ગમે તેટલું મળ્યું હોવા છતાં પોતાનામાં ન્યૂનતા જોનારા છે. દુઃખની વાત એ છે કે બંધાયેલું પુણ્યકર્મ (કર્મબંધ) અને સત્તામાં રહેલું પુણ્યકર્મ કરતા ઉદયમાં આવેલું પુણ્યકર્મ રાગ-દ્વેષથી ખરડાય છે અને આત્માના ગુણોને ઢાંકે છે, માટે હે ભવ્ય! તું આત્માના સ્વરૂપના સુખમાં જ વિલાસ કર. બાહ્યપદાર્થો નહિ હોય તો પણ ન્યૂનતા નહિ લાગે. ઇન્દ્રલોકનો ઇન્દ્ર પણ આવે તો પણ તને તારી સામે કોઈ વાતે ઓછું નહિ લાગે.

## પૂર્ણિમા અષ્ટક :

કૃષ્ણ પક્ષે પરિક્ષીણે, શુક્લે ચ સમુદંચતિ
દ્યોતતે સકલાધ્યક્ષા, પૂર્ણાનન્દ વિધોઃ કલા ૧-૮

શબ્દાર્થ: પરિક્ષીણે = ક્ષય થાય છે, સમુદંચતિ = ઉદય થાય છે, દ્યોતતે = પ્રકાશમાન થાય છે, સકલાધ્યક્ષા = સર્વને પ્રત્યક્ષ એવી, પૂર્ણાનન્દ વિધોઃ = પૂર્ણાનન્દરૂપી ચંદ્રની

શ્લોકાર્થ: કૃષ્ણપક્ષનો ક્ષય થાય છે ત્યારે અને શુક્લપક્ષ શરૂ થાય છે ત્યારે આત્મગુણોમાં પૂર્ણાનન્દરૂપી ચંદ્રની કળા સર્વજનને પ્રત્યક્ષ એવી પ્રકાશિત થાય છે.

ભાવાર્થ: કૃષ્ણપક્ષ (દર મહિનાનો અંધારિયો પક્ષ) નો ક્ષય થવાથી અને શુક્લપક્ષ (અજવાળિયો પક્ષ) નો ઉદય થવાથી ચંદ્રની કલા વધારેને વધારે પ્રકાશિત થતી જાય છે. આ વાત દરેક મનુષ્યને પ્રત્યક્ષ છે, અનુભવસિદ્ધ છે.

અનંત પુદ્ગલપરાવર્તકાળથી સંસારમાં ભટકતા જીવને કૃષ્ણપક્ષના ચંદ્રની ઉપમા આપવામાં આવી છે. જે આત્માનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્તથી ન્યૂનકાળ બાકી હોય, ત્યારે તેને શુક્લપક્ષનો ચંદ્ર કહેવામાં આવે છે. જ્યારે કૃષ્ણપક્ષ હોય ત્યારે મોક્ષ ઘણો જ દૂર હોવાથી આત્મા પુદ્ગલના સુખોમાં જ સુખબુદ્ધિ કરે છે અને જ્યારે શુક્લપક્ષમાં આવે છે ત્યારે મોક્ષ નજીક હોવાથી આત્માની ચૈતન્ય શક્તિ સ્વગુણો તરફ વળે છે અને આત્મીય આનંદ અનુભવે છે.

ટૂંકમાં જ્યાં સુધી આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે કૃષ્ણપક્ષમાં છે તેમ કહેવાય. કોઈ મત એવો પણ છે કે જ્યાં સુધી અપુનર્બંધક અવસ્થા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કૃષ્ણપક્ષ.

સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એટલે આત્મા શુક્લપક્ષમાં આવ્યો કહેવાય અથવા અપુનર્બંધક અવસ્થા પ્રાપ્ત થયા પછી શુક્લપક્ષ કહેવાય છે.